For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

બહુચર્ચિત ગોધરાકાંડ વખતે કાલોલના ગોમા નદીના પટમાં જઘન્ય કૃત્ય કરાયો હતો

# 17 ઈસમોને મોતને ઘાટ ઉતારવાના ગુનામાં સંડોવાયેલા 22 આરોપીને નિર્દોષ છોડી મુકાયા

**21 વર્ષ બાદ** આવેલા ચુકાદામાં 8 આરોપીના મોત નીપજ્યા છે

(પ્રતિનિધી) ગોધરા, તા.24

ગોધરા કાંડના જઘન્ય કૃત્યના ઉગ્ર પ્રત્યાઘાતોમાં ગુજરાતમાં ફાટી નીકળેલા કોમી રમખાણોમાં બહુચર્ચિત એવા કાલોલના ગોમા નદીના પટમાં ૧૭ જેટલા લઘુમતી કોમના ઈસમોને મોતને ઘાટ ઉતારવાના ગુન્હામાં હાલોલ સ્થિત એડિશનલ સેશન્સ કોર્ટ સમક્ષ હાથ ધરાયેલ કાયદાકીય દલીલોની સુનાવણીના અંતે ૨૧ વર્ષો બાદ આજરોજ હાલોલના ૪થા એડિશનલ સેશન્સ જજશ્રી હર્ષ બાલક્રિષ્ણ ત્રિવેદીએ આ ચકચાર ભર્યા ગુન્હામાં ૮ મૃતકો સાથે ૨૨ આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. ૨૭'ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના એસ-૬ કોચ ઉપર કરાયેલા જીવલેણ હુમલાના આ ગોધરા કાંડના જઘન્ય કૃત્યમાં અયોધ્યા થી પરત આવી રહેલા ૫૯ કાર સેવકો જીવતા ભડથું થઈ ગયા હતા.

ગોધરા કાંડની આ ઘટના સામે ના ઉગ્ર પ્રત્યાઘાતોના કોમી રમખાણોમાં તત્કાલીન સમયે ગુજરાત ભડકે બળ્યું હતું.એમાં કાલોલના બહુચર્ચિત એવા ગોમા નદીના પટ માંથી જીવ બચાવવા માટે ભાંગેલા ૧૭ જેટલા લઘુમતી કોમના પુરુષો, મહિલાઓ અને બાળકોને મોતને ઘાટ ઉતારવાના બનાવમાં કાલોલ પોલીસ તંત્રએ ગુન્હો નોંધીને ૨૨ આરોપીઓની ધરપકડ કરી હતી. હાલોલ સ્થિત એડિશનલ સેશન્સ અદાલત સમક્ષ હાથ ધરાવામાં આવેલ કાયદાકીય દલીલોમાં અદાલત સમક્ષ ૮૪ મૌખિક પુરાવાઓ અને ૧૭૭ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા.

**નિર્દોષ જાહેર થયેલા આરોપીઓની યાદી**

(૧) મુકેશ ભાઈ રાઠોડ,
(૨) જોગાભાઇ લુહાર (મરણ),
(૩) બુધાભાઇ રાઠોડ (મરણ),
(૪)ઝાલા તલાટી (મરણ),
(૫)અશોકભાઈ સી પટેલ,
(૬)દિલીપભાઈ ભટ્ટ,
(૭) નીરવકુમાર જી પટેલ,
(૮) અક્ષય શાહ,
(૯)પ્રદીપભાઈ ગોહિલ (મરણ),
(૧૦) દિલીપભાઈ ગોહિલ,
(૧૧) કિરીટભાઈ જોશી,
(૧૨) જીતેન્દ્રભાઈ શાહ (મરણ),
(૧૩) કિલ્લોભાઈ જાની,
(૧૪) નસીબદાર બી રાઠોડ,
(૧૫) અલ્કેશ મુખયાજી,
(૧૬) એસ.કુમાર (મરણ),
(૧૭) પ્રકાશભાઈ શાહ (મરણ),
(૧૮) નરેન્દ્રભાઈ કાછીયા,
(૧૯) જેણાભાઇ રાઠોડ,
(૨૦) સુરેશભાઈ પટેલ,
(૨૧)યોગેશભાઈ પટેલ,
(૨૨)ડાહ્યાભાઈ પટેલ (મરણ)

જ્યાં કેમેરા જ નથી તે વિસ્તારમાં કઈ રીતે કામગીરી કરાશે?

# ગોત્રીના ઢોરવાડા પર કોની રહેમ નજર

(પ્રતિનિધી) વડોદરા, તા.24

વડોદરામા રખડતા ઢોર ને પકડવાની કામગીરીમા હવે સિસિટીવી કેમેરા મહત્વનો ભાગ ભજવશે પરંતુ જ્યા કેમેરા જ નથી તેવા નવાયાર્ડ સહિત ના વિસ્તારો માં રખડતી ગાયો જોવા મળી છે. શહેર ના છેવાડે આવેલા વિવિધ વિસ્તારો મા ખુલ્લે આમ રખડતા ઢોર અને ગેરકાયદે ચાલતા ઢોરવાડા પર હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. માત્ર મુખ્યમંત્રી ના આદેશ ને અનુસરવા થોડી માત્રા મા પશુ ને પકડવામાં આવે છે. ગણતરી ના જ ઢોરવાડા તોડ્યા છે. જ્યારે અન્યત્ર અડીખમ ઉભા છે. આવા ગેરકાયદેસર ધમધમતા ઢોરવાડા પર કોની રહેમ નજર છે ? તેવા આક્ષેપો નગરજનોએ કર્યા છે રખડતા પશુઓ સામે કાર્યવાહી માટે પાલિકાએ ટેકનોલોજીનો સહારો લીધો છે. કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતેથી શહેરના 29 સ્પોટ અને જંકશનો પર રખડતા ઢોરના ફોટો કેપ્ચર કરી ઢોર માલિકને શોધી કાર્યવાહી થઈ રહી છે. સોમવારે પાલિકાને આવા 41 ફોટો મળ્યા હતાં. અત્યાર સુધીમાં પાલિકાએ 343 પશુ પકડી તેને પાંજરે પૂર્યાં છે. 66 ગેરકાયદે પશુવાડાને નોટિસ આપી 18ને તોડી પાડ્યા છે. જ્યારે ટેગિંગના આધારે 16 પશુપાલકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. નોંધનિય છે કે, સોમવારે 41 ફોટોગ્રાફને આધારે ઢોર પાર્ટીના અધિકારીઓને મોકલી 39 પશુઓને ઝડપી લેવાયા હતા.



**સેવાસી કેનાલ પાસે ઢોરવાડા એ રોડ બ્લોક કર્યો**

સેવાસી થી પ્રિયા સિનેમાના દબાણો હટાવી દીધા પછી પણ કેટલાક દબાણ કર્તા ઓ હજુ અડીખમ ઉભા છે. દેશી દારૂ નો ધંધો કરનાર નું ઝૂંપડું હજુ અડીખમ જોવા મળે છે જેમાં પોલીસ અને પાલિકા ની મીલીભગત હોવાનું કહેવાય છે જ્યારે અંબિકાનગર પાછળ ગોપી પાર્ટી પ્લોટ પાસે કેનાલ ને અડી ને આવેલ રોડ પર ગેરકાયદે ઢોર વાડો જોવા મળ્યો છે સ્થાનિકો નું કહેવું છે કે આ ઢોરવાડાએ રોડ બ્લોક કરી દીધો છે. પાલિકા ગેરકાયદે ઢોરવાડા ક્યારે તોડશે.

**વહેલી સવારે ગાય વચ્ચે આવી જતા બાઈક ચાલકને ઇજા**

શહેરમાં રખડતા ઢોર પકડવાની કામગીરી કોર્પોરેશનની ટીમ દ્વારા કરવામાં આવે છે.કડક કામગીરીના કારણે હવે પશુ માલિકો દિવસે નહી પણ રાતે ઢોર છૂટા મૂકી દેતા હોય છે.જેના કારણે રાતે ખુલ્લા રોડ પર વાહન ચલાવતા હોય છે.આવા જ એક કિસ્સામાં મુક્તાનંદથી મેન્ટલ હોસ્પિટલ તરફ જવાના રોડ પરથી મળસ્કે ચાર વાગ્યે બાઇક લઇને જતો ૨૫ વર્ષનો ધર્મેશ મહેશભાઇ વસાવા (રહે. નાગરવાડા પટેલ ફળિયું) ઇજાગ્રસ્ત થયો હતો.બાઇક લઇને જતા સમયે રોડ વચ્ચે ગાય આવી જતા તે રોડ પર ફંગોળાયો હતો.અને હોઠ તથા કપાળ પર ઇજા થઇ હતી. જેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેની હાલત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

સવગણ સોસાયટીના રહીશો ભયભીત થઇ બહાર દોડી આવ્યા : પ્રોજેક્ટનો વિરોધ

# પંડ્યા બ્રિજ બાજુમાં આવેલા બુલેટ ટ્રેનના પ્રોજેક્ટની ડીપીમા ધડાકા








(પ્રતિનિધી) વડોદરા, તા.24

પંડ્યા બ્રિજ પાસે આવેલ સવગણ સોસાયટી પાસે બુલેટ ટ્રેન નો પ્રોજેક્ટ આવેલ છે આ પ્રોજેક્ટ મા રાત્રીના સમયે કોઈ કારણોસર 20 મિનિટ થી વધારે ધડાકા થતા લોકો મા ભારે ભય ની લાગણી ફેલાઈ ગઈ હતી.

પ્રાપ્ત વિગતોનુસાર પંડ્યા બ્રિજ બાજુમાં આવેલ સવગણ સોસાયટી પાસે ના હાઈ સ્પીડ બુલેટ ટ્રેનના પ્રોજેક્ટની કામગીરી દરમિયાન ગત રાત્રે આ પ્રોજેક્ટ ની કામગીરી દરમ્યાન બનેલી ઘટનામા પ્રોજેક્ટ ની ડીપી મા કોઈ ખામી સર્જાતા લગભગ 20 મિનિટ થી વધારે સમય ધડાકા ભડાકા થતા આસપાસ ની સોસાયટીઓ ના રહીશોમાં ભાગદોડ મચી ગઈ હતી. અને ભય વ્યાપી ગયો હતો. લોકો સોસાયટી ની બહાર દોડી આવ્યા હતા. તેમજ બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ મેનેજર ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને એકઠા થયેલા લોકો ને સમજાવવા નો પ્રયાસ કરાયો હતો પરંતુ સોસાયટી ના રહીશો એ આ પ્રોજેક્ટ અહીંયા થી ખસેડવાની માંગ કરી હતી.

ધડાકા ભડાકા ના પગલે આસપાસ ની સોસાયટી મા વીજળી ડૂલ થઈ ગઈ હતી.જેના કારણે લોકો માં વધારે રોષ જોવા મળ્યો હતો.અને પ્રોજેક્ટ અન્ય સ્થળે ખસેડવા માટે ઉગ્ર રજૂઆત કરાઈ હતી.

વાઘોડિયા રોડ પર વ્યાઇટ હાઉસ અને કાનનની બે સાઇડ બનાવી 100 કરોડની જમીન કૌભાંડ

# મહાઠગ સંજયે પ્લોટો વેચી રૂા.1.61 કરોડ હજમ કર્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વાઘોડિયા રોડ પર ડી માર્ટ પાછળ આવેલી 100 કરોડની સોનાની લગડી સમાન જમીન પચાવી પાડવાના કૌભાંડમાં મુખ્યસૂત્રધાર સંજય પરમાર રિમાન્ડ પર છે. જ્યારે સંજયને જમીનનો દસ્વાતેજ કરી આપનાર સ્વ.મહિજી રાઠોડની પત્ની શાંતાબેન રાઠોડની ધરપકડ કરાઇ છે. ક્રાઇમ બ્રાન્ચ દ્વારા બાકી રહેલા પ્લોટોના દસ્વાવેજ કરનાર લોકો સહિત કોર્પોરેશન, સિટી સર્વે અને બેન્કના કર્મીઓ મળી 20 જેટલા લોકોને નિવેદને લેવાયા હતા. બેન્ક ડિટેઇલ્સ કઢાવતા સંજય પ્લોટોના ગ્રાહકો પાસેથી 1.61 કરોડ મેળવી સગેવગે કર્યાની વિગતો બહાર આવી છે.

દંતેશ્વર સર્વે નંબરવાળી વાઘોડિયા રોડ પર ડી માર્ટ પાછળ આવેલી 100 કરોડની જમીન પર મહાઠગ સંજય પરમારે તેની પત્ની લક્ષ્મીબેન અને શાંતાબેન રાઠોડ સાથે મળીને ખોટા દસ્તાવેજો, રજાચિઠ્ઠી, સિટી સર્વેમાં ખોટી એન્ટ્રીઓ પડાવી પચાવી પાડી હતી. જેમાં મહાઠગે કાનનવીલા-1અને કાનનવીલા-2 નામની બે ગેરકાયેદ સાઇટ ઉભી કરીને તેમાં 57 સબ પ્લોટ પાડી 27ના દસ્તાવેજ પણ કરી વેચાણ કરી નાખ્યા હતા. જેમાં કલેક્ટર કેચરીની લેન્ડ ગ્રેબિંગ કમિટીની તપાસ બાદ ક્રાઇમ બ્રાન્ચમાં સંજય પરમાર સહિત 3 સામે લેન્ડ ગ્રેબિંગનો દાખલ કરી દંપતીની ધરપકડ કરીને સંજયના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. જ્યારે આરોપી શાંતાબેન ઉર્ફે ગજરાબેન બચુભાઈ રાઠોડ (ઉં.વ. 70)ની ધરપકડ કરાઇ છે. જેમાં મંગળવારે ક્રાઇમ બ્રાન્ચે સંજયપરમારે પાડેલા કાનનવીલા-1 અને 2ના પ્લોટોની સ્કીમમાં પ્લોટ ખરીદનાર પૈકી જે લોકોના લેવા બાકી તેમના નિવેદનો લેવામાં આવ્યા હતા. જેમાં ગ્રાહકોએ આરોપીએ પ્લોટો વેચી રૂા. 1.61 કરોડની જંગી રકમ મેળવી લીધી હતી. સંજય પરમાર અને શાંતાબેનના સંયુક્ત ખાતામાં આ રકમની એન્ટ્રી પડી હોવાની વિગતો પ્રકાશ આવી છે. વીએમસી ટીપી વિભાગનું સર્વે નં.541નું ફોર્મની આગળની તપાસ કરતા મૂળ એફ ફોર્મ રેકર્ડમાં જમીન કલેકટરના નામે ચાલે છે અને મૂળ રેકર્ડમાં ક્યાંય પણ ખેડૂત મહીજીભાઈ ઝીણાભાઈનું નામ નથી. જેથી આરોપી પાસેથી કબજે કરેલનું એફ ફોર્મ ખોટુ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. જમીનનું ટાઈટલ ક્લીયર સર્ટી આપનાર વકીલ સહિત બેન્ક કર્મીની પૂછપરછ કરાઇ છે.

**ટીપી ફોર્મ ખોટું બનાવવામાં કેટલા કર્મીઓની સંડોવણી છે તેની તપાસ ચાલુ**

ટીપી વિભાગનું સર્વે નં.541નું એફ ફોર્મ ખોટું બનાવવામાં જે વિભાગના કર્મીઓનું સંડોવણી છે કે નહી તે તેની તપાસ હાથ ધરાઇ છે. જ્યારે સિટી સર્વેમાં કરોડો રૂપિયાની જમીનના પ્રોપર્ટી કાર્ડમાં ખેડૂત મહીજીભાઇ રાઠોનું નામ દાખલ કરવા ખોટું ટીપી ફોર્મ રજૂ કરાયાન વિગતો બહાર આવતા જે અંગેનો પરીપત્ર સિટી સર્વે વિભાગ તરફથી રજૂ કરાતા તેની તપાસ પણ ચાલુ છે.

**સંજય પરમારે પ્લોટોના રૂપિયા સવેવગે કર્યા**

ક્રાઇમ બ્રાન્ચ દ્વારા બેન્ક મેનેજરની પૂછપરછ કરતા આરોપી સંજય પરમારે પ્લોટોના રૂપિયા સગેવગે કર્યાની વિગતો તથા એકાઉન્ટ ઓપનિંગના પત્ર વ્યવહારની વિગતોમાં પોતાના મકાનનું સરનામુ લખાવ્યું છે અને બેન્કના મેસેજ તથા અન્ય કાર્યવાહી માટે આરોપીએ પોતાના મોબાઇલ નંબર બેન્કમાં આપ્યો છે તેણે બેન્કમાંથી ચેકથી ઉપાડેલા રૂપિયાની એન્ટ્રી બતાવે છે. ત્યારે સંજય પરમાર અને શાંતાબેન રાઠોડનું બેન્ક એકાઉન્ટ ઓપન કરનાર કર્મચારીઓની પૂછપરછ કરાઇ છે.

શિવરાત્રી વડોદરા માટે ખાસ

# સુરસાગર મધ્યે સુવર્ણ જડિત શિવજીની મૂર્તિનું અનાવરણ વડાપ્રધાન કરશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા શહેરના મધ્યમાં આવેલ સર્વેશ્વર મહાદેવ ની પ્રતિમાને થોડાક દિવસોમાં પ્રતિમાનું અનાવરણ કરવામાં આવનાર છે. જેને લઈ પ્રતિમાનું સુવર્ણ જડિત સંપૂર્ણ કાર્ય પૂરું થઈ ગયું હોય અને પ્રતિમાની આજુ બાજુ લગાવેલ પાલખ ખોલી નાખવામાં આવી છે. આ પ્રતિમાનું અનાવરણ માન્ય પ્રધામંત્રીશ્રી ના હસ્તે થાય તેવા પ્રયત્નો આયોજકો કરી રહીયાઁ છે આ મામલે માંજલપુર ના ધારાસભ્ય અને શિવ ભક્ત યોગેશ પટેલે જણાવ્યું હતું કે અમોએ માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ ને આમત્રંણ આપ્યું છે અને તેમના જ હસ્તે ભોળાનાથ ની 111ફૂટ સુવર્ણ જડિત મૂર્તિ નું અનાવરણ થાય તેવા પ્રયત્નો અમે કર્યા છે. મૂર્તિ નું અનાવરણ શિવરાત્રિના દિવસે થનાર છે.તે માટે ની તડમાર ત્તેયારી ઓ ચાલી રહી છે સમગ્ર સુરસાગર ને સુશોભીત કરાશે. સાથે સાથે સુરસાગર આસપાસ ની હેરિટેજ ઈમારતો ને શણગારવા નું આયોજન પણ કરાયું હોવાનું કહેવાય છે.



## મનપાના બજેટમાં શહેરીજનો પર ભારણ ઝીંકાશે તેવી શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા તા.24

પાલિકાનું વર્ષ 2022-23 નું રીવાઈઝડ અને વર્ષ 2023 -24 નું ડ્રાફ્ટ બજેટ તારીખ 27 ના રોજ સ્ટેન્ડિંગ સમિતિ સમક્ષ મ્યુનિસિપલ કમિશનર રજૂ કરશે. ગયા વર્ષે વડોદરા કોર્પોરેશન નું 3,838.67 કરોડનું બજેટ હતું. આગામી બજેટ સંદર્ભે મેયર-કમિશનર અને કોર્પોરેશનના બીજા અધિકારીઓ અને હોદ્દેદારો સાથે પ્રાથમિક ચર્ચા વિચારણા થઈ હતી. નવા નાણાકીય વર્ષ દરમિયાન શું નવું આયોજન થઈ શકે છે, નવા પ્રોજેક્ટ કયા લાવી શકાય તેમ છે, તેમજ બીજા કયા કામ કરવા જેવા છે તે અંગે વિચારણા હતી . શહેર મા નવા સ્તરે વિકાસને લઈ જવા સહિતના માઈક્રો પ્લાનિંગ સંદર્ભે વિચાર વિમર્શ થયો હતો. વડોદરામાં છેલ્લા કેટલાક વર્ષોથી કોર્પોરેશનની વિવિધ સેવા સુવિધાની લાગતોમાં વધારા સિવાય કરદરમાં વધારો થયો નથી અને સરકાર પણ આગામી 25 વર્ષના વિકાસના વિઝન સાથે આગળ ધપવા માંગે છે.

ગેઇલના નિવૃત કર્મિના મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું

# પરિવાર સૌરાષ્ટ્ર દર્શને ગયો અને ઘરમાંથી રૂા.4.82 લાખની ચોરી

**સોમવારે** મોડી રાત્રે આજવા રોડનો વૃદ્ધ પરિવાર સાથે પરત આવતા ચોરીની જાણ થઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

આજવા રોડ પર આવેલી સોસાયટીમાં નિવૃત જીવન ગુજારતા વૃદ્ધ પરિવાર સાથે મકાનને તાળુ મારી સૌરાષ્ટ્ર દર્શને ગયા હતા. તે દરમિયાન તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. દરવાજાનું તાળૂ નકૂચા સાથે તોડી તસ્કરો ઘરમાં ઘુસ્યા હતા અને તિજોરીમાં મૂકેલા રૂા.4.82 લાખના સોના-ચાંદીના દાગીના લઈને ચોરો નો દો ગ્યારાહ થઈ ગયા હતા. પરિવાર સૌરાષ્ટ્રથી પરત આવતા ચોરી થઈ હોવાની જાણ થતા બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

આજવા રોડ પર આવેલી સુરભીપાર્ક સોસાયટીમાં રહેતા નગીનભાઈ નરસિંહભાઈ સોલંકી (ઉં.વ.62) ગેઈલ કંપનીમાંથી રીટાયર્ડ થયા બાદ નિવૃત જીવન ગુજારે છે. ગત તા.17 જાન્યુઆરીના રોજ સાંજે તેઓ મકાનને બંધ કરીને પરિવાર સાથે સૌરાષ્ટ્ર દર્શન કરવા માટે ગયા હતા. 8 દિવસ ફર્યા બાદ તેઓ પરિવાર સાથે સોમાવારે મોડી રાત્રે પરત આવ્યા હતા. તેઓ તેમના મકાનના દરવાજાનું તાળુ ખોલવા જતા નકૂચા સાથે તાળૂ તૂટેલી હાલતમાં હતું. જેથી તેઓએ દરવાજો ખોલી ઘરમાં જઇને તપાસ કરતા મંદિરવાળા રૂમમાં મૂકેલી તિજોરીનું લોક તોડી નાખેલું હોય ખુલ્લી હતી. તેઓએ તિજોરીમાં તપાસ કરતા લોકરમાં તપાસ કરતા સોના ચાંદીના દાગીના ગાયબ હતા. જેથી તેમના બંધ મકાનના તસ્કરોએ નિશાન બનાવ્યું હોવાનો અહેસાસ થયો હતો. તસ્કરો તિજોરીમાં મુકેલા રૂા. 4.82 લાખના સોના ચાંદીના દાગીને લઈને ફરાર થઈ ગયા હતા. જેથી તેઓ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

## આરટીએસ અપીલ અને રીવીઝન કેસોના નિકાલ માટે કલેક્ટર કચેરીમાં સુનાવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.24

જમીનના આરટીએસ અપીલ અને રીવીઝન કેસોના નિકાલ માટે કલેક્ટર શ્રી અતુલ ગોર દ્વારા ઉપાડવામાં આવેલી ખાસ ઝુંબેશના ભાગ રૂપે કલેક્ટર કચેરી ખાતે એક સાથે સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને તેમાં અરજદારો, તેમના વકીલો દ્વારા મહેસુલી કેસો અંગે કરવામાં આવેલી રજૂઆતો સાંભળવામાં આવી હતી. સુનાવણી બાદ કુલ 70 કેસ ઠરાવ ઉપર લેવામાં આવશે. કલેક્ટર શ્રી અતુલ ગોર દ્વારા આરટીએસ અપીલ અને રિવિઝનના કેસો ચલાવવા માટે ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.ત્રણ માસ કે તેના કરતા વધુ સમયથી પડતર એવા 1170 કેસોનું બોર્ડ એક સાથે યોજવામાં આવ્યું હતું. સવારથી કલેક્ટર કચેરી ખાતે અરજદારો પોતાના કેસની રજૂઆત માટે પહોંચી ગયા હતા. કેસોની સુનાવણી માટે પ્રાંત અધિકારીઓને વિશેષ ફરજ સોંપવામાં આવી હતી. ખાસ કરીને વકીલોઓ જિલ્લા વહીવટી તંત્રના આ અભિગમને આવકાર્યો હતો.

લાગતના ચેક ઈજારદાર પાસે પાલિકા એડવાન્સ વસુલે છે તો પછી કરોડો રૂપિયા બાકી કેમ?

# પોસ્ટ ડેટેડ ચેક આપી પાલિકા સાથે છેતરપિંડી કરતા હોર્ડિંગ્સ માફીયાઓ

(પ્રતિનિધી) વડોદરા, તા.24

વડોદરા મહાનગર પાલિકા શહેર ના રાજમાર્ગો અને વિવિધ વિસ્તારો મા હોર્ડિંગ માટે ઈજારો આપવામા આવતો હોય છે. જયારે કેટલાક સ્થાનિક લોકો વગર પરમિશને પણ હોર્ડીંગ લગાવી દેતા હોય છે જમીન મિલ્કત (કોમર્શિયલ) શાખા આવા લોકો ને દંડ ફટાકરતા હોય છે આમ પાલિકા ને હોર્ડિંગ ના ધધાં મા તગડી આવક થતી હોય છે. પરંતુ વડોદરા પાલિકામા હોર્ડીંગ ના ઈજારેદાર સાથે મીલીભગત રાખી ને ગજવા ગરમ કરવાનો ખેલ પણ ચાલી રહીયો હોવાનું કહેવાય છે જાણવા મળેલી વિગતો અનુસાર વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને રવિ કોમ્યુનિકેશ ને 69 ગેન્ટ્રી ગેટ નો ઈજારો આપવામા આવ્યો હતો. જયારે વડોદરા ના વુડા સર્કલ રાત્રી બજાર પાસે ભરચોમાસા મા જાનહાની થાય તેવી રીતે ગેન્ટ્રી ગેટ તૂટી પડતા શહેર ના નગરજનો મા ભારે હોહા થતા રવિ કોમ્યુનિકેશન ને 10 વર્ષ માટે બ્લેકલિસ્ટ કરવામાં આવેલ. સદનસીબે આ દુર્ઘટના મા કોઈ જાનહાની થઇ ન હતી. બ્લેક લિસ્ટ કર્યા બાદ પાલિકા ના ₹98₹લાખ રૂપિયા જેવી માતબર રકમ ફસાઈ ગઈ હતી. વારંવાર ની નોટિસો છતાં આ રકમ પરત ને આવતા પાલિકા ને હાલ તો એક કરોડ રૂપિયા જેટલો ચૂનો લાગી ગયો છે ઉલ્ટા કોટવાલ ને દંડે તેમ રવિ કોમ્યુનિકેશને પાલિકા વિરૂધ્ધ હાઈ કોર્ટ મા SCA/14578/2021 મુજબ નો કેસ દાખલ કરતા હવે પાલિકા ને રૂપિયા ક્યારે મળશે એ તો પાલિકા જ જાણે. આ પેઢી ને ડાયરેક્ટરો ના નામ જોગ બ્લેક લિસ્ટ કર્યા બાદ પણ તેમની બીજી પેઢી ના નામે ધંધો ચાલુ રહેવા પામ્યો છે ઉલ્લેખનીય છે કે ગત એપ્રિલ મહિના મા અલકાપુરી ગરનાળા મા આગ લાગી હતી જેમનો કોન્ટ્રાક પણ રવિ કોમ્યુનિકેશ પાસે હતો. જેમાં 10 વર્ષ સુધી મેન્ટેન્સ ની જવાબદારી જેતે કોન્ટ્રાકટર ની હોય છે. પરંતુ શહેર ની સુંદરતા વધારતું આ ગરનાળુ ભૂતિયા મહેલ જેવું



હાલ દેખાય છે. છતાં પણ કોન્ટ્રાકટરે કામ ના કરીને પાલિકાએ સ્વખર્ચે ગરનાળાની કામગીરી કરી હતી. બ્લેક લિસ્ટ કરનાર કોન્ટ્રાકટરને પડી નથી. આ કોન્ટ્રાકટર નો કોન્ટ્રાક 2022 મા પૂર્ણ થયો છે તેમ છતાં આજે પણ તેમના પોલ પર જાહેરાત ના હોર્ડિંગ લટકતા જોવા મળે છે જયારે સનઆઉટ ડોર ના નામે આજે 9 પોલ પર તેમની જાહેરાતો ના હોર્ડિંગ લટકે છે સામાન્ય રીતે 1 યુનિ પોલ ની ઈજારેદાર ને મહિને 55 કે 60 હજાર મળતા હોય છે. પરંતુ 19 મહિના થી કરોડો રૂપિયા ના આ નાણાં ની વસુલાત કેમ નથી કરાઈ તે પણ અનેક શંકા કુશઁકા ઉપજાવે છે. ઈજારો આપ્યા બાદ જેતે ઈજારેદાર પાસે પાસે થી એડવાન્સ ચેક લેવામાં આવે છે. કોન્ટ્રાકટર દ્વારા પાલિકા ચેક નાખે તે પહેલા સ્ટોપ પેમેન્ટ કરાવી દે છે અને જો પાલિકા ચેક બેંક મા નાંખે છે પરંતુ બેલેન્સ ન હોવાથી ચેક રીર્ટન થાય છે પછી પાલિકા કેસ કરે તો વર્ષો સુધી પાલિકા ના રૂપિયા ફસાઈ જાય છે આમ પાલિકા ને ચૂનો લગાવવા મા પાલિકાના જ સરકારી બાબુઓ કોન્ટ્રાકટરો ને આવો રસ્તો બતાવી ને પોતાના ગજવા ગરમ કરી લેતા હોય છે.

મ્યુનિસિપલ કમિશનરે આવા ગોરખધંધા રોકવા તમામ વિભાગો ને એક કોમન સર્ક્યુલર જાહેર કરી ને એડવાન્સ ચેક પ્રથા બંધ કરાવવી જોએ અને એડવાન્સ ના રોકડા ભરવા ની પ્રથા શરૂ કરાવી જોઈએ. પાલિકા ના કેટલાક નીતિ નિયમો એવા છે કે કોન્ટ્રાકટરો તેમાંથી છટકવા અને પાલિકા ને ચૂનો લગાવવા ના ઉપાયો અધિકારીઓ ની મીલીભગત થી શોધી કાઢતા હોય છે. પાલિકાના અધિકારી રાજેશ ચૌહાણને ટેલિફોનિક સંપર્ક કરતા તેમણે ફોન રિસીવ કર્યો ન હતો.

દિલ્હીથી ઝડપી પાડેલા આરોપીને પોલીસના જાપ્તામાં મુંબઇ લઇ જવાતો હતો

# રેલવે સ્ટેશન ઉપર ટ્રેનના શૌચાલયની બારીમાંથી ઠગાઈનો આરોપી ભાગી ગયો

(પ્રતિનિધી) વડોદરા, તા.24

મુંબઈના છેતરપિંડીના આરોપીને પોલીસ દિલ્હીથી ઝડપી પાડીને તેજસ એક્સપ્રેસ ટ્રેનમાં પોલીસના



જાપ્તામાં પરત લઈ જવાતો હતો. દરમિયાન વડોદરા રેલવે સ્ટેશન પર પહોંચતા કુદરતી હાજતે જવાનું બહાર કાઢી શૌચાલયમાં ગયા બાદ તેની વેન્ટિલેશની બારીમાંથી કુદીને ભાગી ગયો હતો. પોલીસે સ્ટેશનના સીસીટીવી કેમેરા ચેક કરતા ફૂટેજમાં આરોપીને ટ્રેક વચ્ચે ભાગતો જણાતા રેલવે સહિત મુંબઈ પોલીસે તેની ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

મુંબઈના મલાડમાં છેતરપિંડીના કરનાર આરોપી નિશિકુમાર અનિકલકુમાર શાહી (રહે, ન્યૂ દિલ્હી) છેલ્લા ઘણા સમયથી નાસતો ફરતો હતો. દરમિયાન મુંબઈ પોલીસને બાતમી મળી હતી કે આરોપીને દિલ્હીમાં છુપાઈઇને વસવાટ કરી રહ્યો છે. જેના આધારે પોલીસની એક ટીમ આરોપીને પકડવા માટે દિલ્હી જવાન રવાના થઈ હતી. ત્યાં પહોંચ્યાં બાદ સ્થાનિક પોલીસને મદદથી આરોપી નિશિતને દબોચી લેવામાં આવ્યો હતો. જેથી મંગળવારે મુંબઈ પોલીસને ટીમ આરોપીને જાપ્તામાં મુંબઈ એક્સપ્રેસમાં દિલ્હીથી મુંબઈ લઈ જઈ રહી હતી. દરમિયાન વડોદરા સ્ટેશન આવતા આરોપીએ તેને કુદરતી હાજતે જવાનું કહ્યું હતું. જેથી જાપ્તાના પોલીસ કર્મીઓ દ્વારા તેને ટ્રેનના શૌચાલયમાં લઈ ગયા હતા. શૌચાલયના દરવાવાજા બહાર પોલીસ પહેરો આપીને ઉભી હતી. દરમિયાન ભેજાબાજ નિશિત ટ્રેનના શૌચાલયની વેન્ટીલેશન માટે બારીના કાચ કાઢી તેમાંથી કુદીને શિફતપૂર્વક બહાર નીકળી ભાગી ગયો હતો. શૌચાલયના દરવાજા બહાર ઉભેલી પોલીસે ઘણા સમય થઈ ગયો હોવાથી શૌચાલયમાં કડી તોડી ચેક કરતા આરોપી ત્યાં ફરાર થઈ ગયો હોવાનું જણાયું હતું. તેજસ એક્સપ્રેસમાંથી મુંબઈ પોલીસના જાપ્તામાંથી આરોપી ફરાર થઈ ગયો હોવાની વાત ફેલાતા રેલવે સ્ટેશન પર દોડધામ મચી ગઈ હતી. જેની મુંબઈ પોલીસે વડોદરા રેલવે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારે રેલવે પોલીસ પણ આરોપીની શોધખોળમાં જોડાઈ હતી. પરંતુ ઠગ નિશિતનો કોઈ પતો લાગ્યો ન હતો. તે દરમિયાન પોલીસ દ્વારા રેલવે સ્ટેશનના સીસીટીવી કેમેરા ચેક કરતા આરોપી ભાગતો જણાયો હતો.

## ગોરવાના પાન પાર્લર સંચાલક અને તેના પરિવારજનો પર હુમલો, દુકાનમાં તોડફોડ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા પાન પાર્લરના સંચાલક તેમજ તેના પરિવારજનો ઉપર હુમલાનો બનાવ બનતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ગોરવાના રવિ કોમ્પ્લેક્ષમાં રહેતા અને સીતારામ કોમ્પ્લેક્સ માં પાન પાર્લર ચલાવતા વિમલ બ્રહ્મભટ્ટે પોલીસને કહ્યું છે કે ગઈ મોડી સાંજે હું તેમ જ મારા પત્ની પાન પાર્લર પર હાજર હતા તે દરમિયાન પાર્થ રાજપુત, સુનિલ મોરે, રણજીત, આદિત્ય અને અન્ય બે મહિલા સહિતના હુમલાખોરોએ મારા પુત્રને ગરદા પાટુનો માર માર્યો હતો. હું તેમ જ મારા પત્ની અને પુત્રી બચાવવા માટે દોડી જતા હુમલાખોરોએ અમારી સાથે પણ ઝપાઝપી કરી અમને રસ્તા પર પાડી દીધા હતા. ત્યારબાદ હુમલાખોરોએ દૂધના ક્રેટ રોડ પર ફેંકી દઈ દુકાનમાં તોડફોડ કરી હતી. પોલીસે રાયોટીંગનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ગોત્રી વિસ્તારની સગીરા અને યુવક પાલિતાણાથી ઝડપાયાં

**સ્કૂલે** મૂક્યા બાદ માતા જેવી ઘરે ગઇ કે તુરંત યુવક છાત્રાને ભગાડી ગયો

**બંનેની** મેડિકલ તપાસ કરાવવાની તજવીજ હાથ ધરાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

શહેરના નજીક આવેલી ગોત્રી વિસ્તારમાં રહેતી અને ધોરણ -12માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને 18 જાન્યુઆરીએના તેની માતા સાથે સ્કૂલ બસમાં બેસીની શાળામાં મુકવા માટે ગઈ હતી. શાળામાં તેને મૂકીની પરત ઘરે ગઈ હતી ત્યારબાદ સાંજે પરત લેવા માટે શાળામાં ગઈ હતી પરંતુ તમામ વિદ્યાર્થીઓ બહાર નીકળી જવા છતાં વિદ્યાર્થીની બહાર નહી આવતા તેના માતાએ તેના ક્લાસમાં અભ્યાસ કરતા છાત્રોને પૂછતા તેણી શાળામાં આવી ન હોવાનું જણાવ્યું હતું. વિદ્યાર્થિનીની માતાએ ઘરે આવ્યા બાદ તેના પતિને પોતાની દીકરી શાળામાં ન હોવાનું જણાવતા તેઓ સગાસંબંધીઓના ત્યાં શોધખળો કરી પરંતુ નહી મળતા ગોત્રી પોલીસ સ્ટેશનમાં અપહરણ થયું હોવાની ફરિયાદ નોંધાવી હતી.

એક્શનમાં આવી પોલીસને છાત્રાની શોધખોળ કરતા જાણવા મળ્યું હતું કે તેણીને મૂળ પાલિતાણાના અંકિત જોગરાણા (ભરવાડ ઉં.વ.22) નામનો યુવક ભગાડી ગયો છે. જેથી પોલીસની એકી ટીમ બંને શોધવા માટે પાલીતાણા યુવકના ઘરે જતા વિદ્યાર્થિની અને યુવક બંને ત્યાંથી મળી આવતા તેમને મંગળવારે વડોદરા ગોત્રી પોલીસ સ્ટેશનમાં લઈ આવી હતી. પોલીસ દ્વારા બંને નિવેદનો લઈને મેડિકલ કરાવવાની તજવીજ હાથ ધરી છે. હાલમાં પોલીસે આઈસીપીની કલમ 363 મુજબ કાર્યવાહી હાથ ધરી છે.